ક્રમાંકઃપ્રાશિનિ/ક-નીતિ/13763/2020/1162-1214
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર. તા. 02/03/2020

પ્રતિ,

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
  જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ
- શાસનાધિકારીશ્રી,
  નગર શિક્ષણ સમિતિ, તમામ

વિષયઃ- ફિક્સ પગારના કર્મચારીઓને રજાનો લાભ આપવા બાબત.

સંદર્ભઃ-(૧) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃખરચ/2002/57(પાર્ટ-2)/ઝ-1 તા.01/01/2016

(૨) શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંકઃપીઆરઈ/112019/પ્રાશિનિ-267/ક તા.27/12/19

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનુ કે, નાણા વિભાગના સંદર્ભ-૧ ના ઠરાવથી રાજ્ય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ ના સીધી ભરતીથી નિમણૂંક પામેલ ફીકસ પગાર કર્મચારીઓના કેસમાં ફિક્સ પગારની સેવાની શરતોમાં સ્પષ્ટતા કરવામાં આવેલ છે. આ ઠરાવમાં ફિકસ પગારના કર્મચારીઓને ખાસ રજાઓ આપવા ઠરાવેલ છે. આ ઠરાવ અન્વયે ખાસ રજાઓ રાજ્યની જિલ્લા/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતાં વિદ્યાસહાયકોને લાભ આપવા આ કચેરી દ્વારા તા.10/05/2019 ના પત્રથી શિક્ષણ વિભાગને દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે નાણા વિભાગના રીમાર્કસ મુજબ "દરખાસ્ત હેઠળના કર્મચારી શિક્ષણ વિભાગના કર્મચારી છે તેઓને નાણા વિભાગને ફિક્સ પગારની નીતિ લાગુ પાડી શકાય નહી તેમજ દરખાસ્ત હેઠળના કર્મચારીઓને વેકેશનનો લાભ મળે છે નાણા વિભાગની ફિક્સ પગારની નીતિથી નિમણૂંક પામેલ કર્મચારીઓને આ લાભ મળતો નથી." જે અન્વયે શિક્ષણ વિભાગના સંદર્ભ-2 ના પત્રથી આ કચેરીની દરખાસ્તનો નાણા વિભાગ દ્વારા અસ્વીકાર કરવામાં આવેલ છે તેમ જણાવેલ છે.

આમ, આ કચેરી દ્વારા કરવામાં આવેલ દરખાસ્તનો નાણા વિભાગ દ્વારા અસ્વીકાર કરેલ હોય વિદ્યાસહાયકોને ખાસ રજાઓ (સ્પેશીયલ લીવ) નો લાભ મળવાપાત્ર નથી. તેથી આપની જિલ્લા/નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતાં વિદ્યાસહાયકોને જો આવી રજાઓ મંજુર કરવામાં આવેલ હોય તો તેવી રજાઓ રદ કરી તેટલા દિવસની કપાત પગારી રજા ગણવાની રહેશે. આ અંગેની નોંધ સબંધિત વિધાસહાયકની સેવાપોથી કરવાની રહેશે. તેના કારણે તેઓની પગાર બાંધણી ઉ.પ.ધો. કે અન્ય આર્થિક લાભોને અસર થતી હોય તો તે મુજબ રીવાઈઝ હુકમો કરી રીકવરી સહિતની કાર્યવાહી દિન-30 માં પૂણ કરવાની રહેશે. આ અંગેની સંપૂર્ણ જવાબદારી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની રહેશે.

(ડૉ. એમ.આઇ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

E:\Parul Ofc Work\Letter_2020.docx 02-Mar-20 11:54 AM 74

Scanned with CamScanner